

## વડીલોને વંદન અભિનંદન


હંસાબેન આર. પટેલ
(૧૯૩૪)ફોનઃ૨૩૨૨૨૬૫૫



રસિકલાલ જે. સુથાર
(૧૯૪૩)ફોનઃ૨૩૨૨૬૭૮૨


ભલજીભાઈ એમ. સોલંકી
(૧૯૪૧)ફોનઃ૨૩૨૨૫૭૮૯


મફતલાલ વી. પરમાર
(૧૯૪૨)ફોનઃ૨૩૨૧૧૯૧૪


બચુભાઈ એસ. પટેલ
(૧૯૪૧)ફોનઃ૨૩૨૪૪૩૫૬


જશુભાઈ સી. પટેલ
(૧૯૪૬)મો.૯૮૯૮૭૨૩૪૨૫


રમેશચંદ્ર બી. રાવલ
(૧૯૩૭)ફોનઃ૨૩૨૮૯૯૨૩


નરોત્તમભાઈ વી. પટેલ
(૧૯૫૩)ફોનઃ૨૩૨૧૧૦૧૩

# બેન્ડ માલિક કનુભાઈ ડાંગીએ બેન્ડના તાલે નિવૃત્તિ દિને સૌને નચાવ્યા

## ગુજરાત સીવીલ સર્વિસીઝના ફુટબોલ ખેલાડી કનુભાઈ કૃષિભવનમાં નાયક હતા

ગાંધીનગર, તા. ૨૮

કૃષિભવનમાં ફરજ બજાવતા એક કર્મચારીએ આજે નિવૃત્તિનો દિવસ હોવાથી બેન્ડ મગાવી અને પોતાના સૂરોથી સૂર રેલાવી સાથી કર્મચારીઓ પાસેથી વિદાય મેળવી હતી.

કૃષિભવનમાં ૧૯૭૭માં નોકરીમાં જોડાયેલા કનુભાઈ ડાંગીએ પટાવાળા તરીકેની નોકરી શરૂ કરી હતી અને ૩૬ વર્ષની નોકરી બાદ નાયક તરીકે નિવૃત્ત થતા તેમણે આજે બેન્ડ-વાજા મગાવી પોતાની નિવૃત્તિને માણી હતી.

અમદાવાદમાં આમ તો પોતાનું બેન્ડ ધરાવતા શ્રી કનુભાઈ ડાંગી એક સારા ગાયક છે. તેમણે ઓફિસમાં ઘણા બધા મિત્રો અને અધિકારીઓને ગીતો સંભળાવ્યા હતા.

શ્રી કનુભાઈ ડાંગીએ આજે આ અંગે વાત કરતાં જણાવ્યું હતું કે તેમના પિતા એક સારા ભજનીક હતા અને તેમણે પણ સંગીતની આરાધના કરી હતી. તેમનામાંથી જ પ્રેરણા લઈ તેઓ સંગીત તરફ વળ્યા હતા.

શ્રી કનુભાઈ ડાંગીએ આજે ઓફિસ ખાતેના તેમના અંતિમ દિવસે સવારે આવી સાથી સૌ કર્મચારીઓને પેંડા વહેંચ્યા હતા એટલુ જ નહિ કેટલાક સાથીઓને ભોજન પણ કરાવ્યું હતું. આ ઉપરાંત બપોરની રિસેષ દરમ્યાન બેન્ડ પર સૂર રેલાવી સૌના દિલ જીત્યા હતા.

શ્રી કનુભાઈ ડાંગી ફૂટબોલના પણ અચ્છા ખેલાડી છે. ફૂટબોલની રમત અને સંગીત એ જ તેમની આગવી ઓળખ ઉભી કરી હતી. તેઓ ગુજરાતની સિવિલ સર્વિસીસ ટીમના ખેલાડી હતા અને ઘણી બધી મેચોમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યુ છે.

અમદાવાદના મુસ્તુફા બેન્ડમાં પણ ગાયક તરીકે તેમણે કામ કર્યુ હતુ. હાલ તેઓ અમદાવાદમાં પોતાનું બેન્ડ ધરાવે છે. આજે તેમણે ભજન, મણિયારો તેમજ કેટલાક જૂના હિન્દી ફિલ્મી ગીતો ગાઈ અને સૌ સાથીઓને ખુશ કરી દીધા હતા. એક તબક્કે તો તેમના સાથીઓ કર્મચારીઓ તેમના ગાવાની સાથે નાચ્યા પણ હતા.

ગાંધીનગરમાં આમ તો આજે ૨૦ થી વધુ કર્મચારીઓ વયમર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે. પણ શ્રી કનુભાઈ આજે નોકરીનો છેલ્લો દિવસ ઉત્સવ મનાવી ઉજવી સૌના મન મોહી લીધા હતા.




## રોહિત સમાજનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

શ્રી સંત રોહિદાસ સમગ્ર રોહિત સમાજ જીવનસાથી પસંદગી માહિતી કેન્દ્ર અમદાવાદ દ્વારા સમાજના ગ્રેજયુએટ, ડોકટર, એન્જિનિયર જેવી ઉચ્ચ લાયકાત ધરાવતા અને વિધવા, ત્યકતા, અપંગ યુવક યુવતીઓનો જીવનસાથી પસંદગી મેળો મે માસમાં યોજાશે. લગ્નોચ્છુક યુવક યુવતીઓએ ૧૪મી ફેબ્રુઆરી ૨૦૧૩ સુધી હસમુખભાઈ પરીખ, ૧૩૬/૧૦૬૩, ગુ.હા. બોર્ડ કલાપીનગર અમદાવાદ અથવા હનમતભાઈ અડાલજા, પ્લોટ નં. ૧૦૦૧/૧, સે-૩-ડી, નરસિંહ ભવન, ગાંધીનગરનો સંપર્ક કરવા જણાવાયું છે.




# ગાંધીનગરના કોંગી આગેવાનોએ બજેટને ફુલડે વધાવ્યુ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના અગ્રણી શ્રી મુકેશ પટેલ, જિલ્લા સમિતિના શ્રી જશુભા રાણા, પ્રદેશ મહામંત્રી શ્રી નિશીત વ્યાસ, ધારાસભ્ય શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા સહિતના આગેવાનોએ આજે કેન્દ્રના નાણામંત્રી શ્રી પી. ચિદમ્બરમે રજુ કરેલા અંદાજપત્રને આવકાર્યું છે.

આ આગેવાનોએ બજેટને આવકારતાં જણાવ્યું છે કે આ બજેટ ગરીબલક્ષી, પ્રજાલક્ષી અને વિકાસલક્ષી બજેટ છે. તેમણે ખેડૂતોને ખાનગી બેંક મારફતે લોનની સુવિધા, મહિલાઓ સ્વમાનભેર રહી શકે તે માટે નિર્ભયફંડની જોગવાઈ, મહિલાઓને રૂ. ૧ લાખ સુધી સોનુ ખરીદવામાં કોઈ ટેક્ષ નહિ, વિકલાંગો અને બાળકો માટે વિશેષ જોગવાઈ આવકારદાયક ગણાવી છે.

કોંગ્રેસના સંગઠન મંત્રીશ્રી વિજય સોલંકી, મહામંત્રી શ્રી કે.પી. સોલંકી, કેસરીસિંહ બિહોલા, હરેશ પટેલ, કનુભાઈ પરમાર, સી.એમ. વર્મા, પી.ઓ. પટેલ, આર.ડી. પરીખ, રોનક ચાવડા વગેરેએ આવકાર આપી બજેટને હળવુફૂલ આપવા માટે નાણામંત્રીને અભિનંદન આપ્યા છે.

આ આગેવાનોએ મધ્યાહન ભોજન યોજના, નરેગા યોજના તેમજ રાષ્ટ્રીય આરોગ્ય મીશનની જોગવાઈઓ ઉપરાંત મધ્યમ અને સરકારી કર્મચારીઓ માટે ટેક્ષની મર્યાદા રૂ. ૨.૨૦ લાખ સુધીની કરવા માટે નાણાંમંત્રીને અભિનંદન આપ્યા છે.


અભયઘાટ ખાતે સ્વર્ગસ્થ મોરારજીભાઈ દેસાઈના જન્મદિવસે પુષ્પાંજલિ આપવામાં આવી હતી.

## બજેટ–પ્રતિભાવ

# બજેટ-૨૦૧૩માં સૂચવાયેલા આવકવેરા અંગેના સુધારા

**(કેતન એચ. મહેતા દ્વારા)**
**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ગાંધીનગર**

- રૂ. ૫ લાખથી ઓછી આવક ધરાવતા હોય તેવા વ્યક્તિ કરદાતાઓને આવકવેરામાં (એજ્યુકેશન સેસ સહીત) રૂ. ૨૦૬૦/- સુધીની રાહત મળશે.

- અમુક કરદાતાઓ આવકવેરો ભરવાનો બાકી હોય તો પણ તે બાકી બતાવીને આવકવેરાનું રીટર્ન ફાઈલ કરી નાખે છે.

તેવા રીટર્નને હવેથી ડીફેકટીવ રીટર્ન ગણી, ફાઈલ ન થયા બરાબર ગણાશે.

- જો કોઈ વ્યક્તિ કરદાતા નવી રહેણાંકની મિલકત ખરીદે : (૧) જેના માટે નાણાંકીય સંસ્થા પાસેથી ૧-૪-૨૦૧૩ થી ૩૧-૩-૨૦૧૪ સુધીમાં રૂ. ૨૫ લાખ સુધીની લોન મંજૂર કરાવાય.

(૨) તે રહેણાંકની મિલકતની કિંમત રૂ. ૪૦ લાખ સુધીની હોય તથા

(૩) તે લોન મંજૂર થયાની તારીખે તે વ્યક્તિ કરદાતા અન્ય કોઈ રહેણાંકની મિલકત ધરાવતો ન હોય.

તેવા સંજોગોમાં વ્યક્તિ કરદાતાને તે લોન ઉપરના વ્યાજ પેટે રૂ. ૧ લાખ સુધીની કપાત તેની તે વર્ષની આવકમાંથી મળશે.

- હાલમાં નોન-રેસીડેન્ટ દ્વારા ટ્રાન્સફર થતી સ્થાવર મિલ્કતોના કિસ્સામાં ખરીદનારે ૧ ટકા રકમ વેચાણ કિંમતમાંથી કાપી લઈને ટેક્ષ કપાત તરીકે આવકરવેરા પેટે જમા કરાવવી પડે છે.

તે મુજબ, હવેથી કોઈ પણ વ્યક્તિ (રેસીડેન્ટ હોય તો પણ) રૂ. ૫૦ લાખ અથવા તેથી વધુ કિંમતની કોઈ સ્થાવર મિલ્કત ખરીદે, તો વેચનારને ચૂકવાની રકમમાંથી ૧ ટકા રકમ કાપીને તે ટેક્ષ કપાતની રકમ આવકવેરા પેટે જમા કરાવવાની રહેશે.

- સ્થાવર મિલકતના ટ્રાન્સફરના કિસ્સામાં જંત્રી મુજબની રકમ અવેજની રકમ કરતા વધારે હોય તો, જંત્રી મુજબની રકમ અવેજની રકમ તરીકે ગણાય અને તેના ઉપર ટૂંકા ગાળાનો અથવા લાંબા ગાળાનો મૂડી નફો ગણીને આવકવેરો ભરવાનો થાય છે.

**પરંતુ, જો કોઈ કિસ્સામાં**

(૧) જૂની તારીખમાં સ્થાવર મિલ્કત બાબતે વેચાણ કરાર થઈ ગયો હોય પણ દસ્તાવેજની નોંધણી બાકી રહી ગઈ હોય તથા

(૨) અવેજની પૂરેપુરી રકમ અથવા તે પૈકીની રકમ કરારના સમયે ચેક/ડ્રાફ્ટથી ચૂકવાયેલી હોય..

તો આવકવેરાની ગણતરી માટે કરારના સમયની જંત્રી ધ્યાનમાં લેવાશે અને તે મુજબ થતો નપો ધંધાની આવક તરીકે ગણાશે.

- અન લીસ્ટેડ કંપનીઓ દ્વારા શેરહોલ્ડરોના શેર બાય-બેક કરવામાં આવશે. તો બાય બેકની રકમ તથા શેરના ભરણા વખતે લેવાયેલી રકમના તફાવત ઉપર ૨૦ ટકા ડીવીડન્ટ ડીસ્ટ્રીબ્યુશન ટેક્ષ લેવાશે.

એન્યુઅલ ઈન્ફરમેશન રીટર્ન (AIR)નહીં ભરનાર વ્યક્તિઓને પ્રતિ દિન રૂ. ૧૦૦ થી રૂ. ૫૦૦ સુધીનો દંડ થઈ શકશે.

## ટપલી દાવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાછળ મિઠાઈઓ વહેંચીને ફટાકડા ફોડવામાં આવે તેવો આ કદાચ પ્રથમ ઐતિહાસિક કિસ્સો છે. દરમ્યાન આજે સાંજે ભ્રષ્ટ વિનોદ તન્નાને ગાંધીનગર કોર્ટમાં એસીબી રિમાન્ડ મેવવા લઈ આવી રહી હોવાની માહિતી મળતા વકીલો હરકતમાં આવ્યા હતા અને આક્રોશ ઠાલવવા માટે તેના માથે ઈંડા અને ટામેટા મારવાનો રસ્તો કાઢીને શબક શિખવાડવાનું નક્કી કરીને ટામેટા-ઈંડાની પેટી લાવીને મુકી દેવામાં આવી હતી. પોલીસને આ મેસેજ મળતા કોઈ અનિચ્છનીય બનાવ બને નહી તે હેતુથી ચાંપતો બંદોબસ્ત તાત્કાલિક અસરથી ગોઠવી દેવામાં આવ્યો હતો. ડી.વાય.એસ.પી. જે.એ. જાડેજા, સે. ૭ પોલીસ તથા એલ.સી.બી., એસ.ઓ.જી. અને સે. ૨૧ પોલીસનો સ્ટાફ કોર્ટ સર્કલ બહાર તૈનાત કરી દેવામાં આવ્યો હતો અને વકીલોએ સ્ટોક કરીને મુકેલા ટામેટાની પેટી કબ્જે લઈ લેવામાં આવી હતી.

વિનોદ તન્નાની રાહમાં કોર્ટના તમામ દરવાજે વકીલો ઉભા રહી ગયા હતા. પરંતુ પોલીસે તેને ખાનગી ગાડીમાં બેસાડીને કોર્ટના પાછળના દરવાજેથી અંદર ઘુસાડી દેતા કોઈ વકીલનું ધ્યાન ગયું ન હતું. વિનોદ તન્ના કોર્ટ પરીસરમાં જજ સમક્ષ હાજર થઈ ગયો હોવાની માહિતી મળતા જ વકીલોનો રોષ બમણો થઈ ગયો હતો અને પરત આવે તેની રાહ દેખી રહ્યા હતા. કોર્ટમાં રજુ કરીને રિમાન્ડ મેળવી પોલીસ તેને લઈને ફુલપ્રુફ કોર્ડન કરીને બહાર નીકળી તેમ છતાં પોલીસની હાજરીમાં જ વકીલોએ તન્ના પર છેવટે સામાન્ય ટપલીદાવ કરીને રોષ ઠાલવ્યો હતો અને બહુમાળીભવન પાસે નીકળતી નાની ગલીમાંથી તન્નાને બહાર કાઢીને તાબડતોબ ગાડીમાં બેસાડી વકીલોથી બચાવીને લઈ જવામાં આવ્યો હતો. કોર્ટ તન્નાની પુછપરછ માટે ચાર દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

## રાત્રે ઠંડી, દિવસે ગરમીનો માહોલ

ગાંધીનગર, તા. ૨૮

ઋતુ પરિવર્તનના ગાળામાં અવારનવાર તાપમાનમાં ફેરફાર થતો રહે છે. ગઈકાલે ઠંડા પવનોનું જોર વધતા રાત્રે પુનઃ ઠંડીનો અનુભવ થયો હતો અને લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો.

વહેલી સવારે અને રાત્રે ઠંડીનો અનુભવ થાય છે જ્યારે દિવસ ચઢતા આકરો તડકો અનુભવાય છે. છેલ્લા કેટલાક દિવસોથી લઘુત્તમ તાપમાન સતત વધતુ હતુ અને એક તબક્કે ૧૬ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું પરંતુ ઠંડા પવનોનું જોર વધતા તાપમાન પુનઃ ઘટ્યું છે.

## શબ્દાવલી - ૪૯૯૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ■ | ૪ | |
| ■ | | ■ | ૫ | | ૬ | | ■ |
| ■ | ૭ | | | ■ | ૮ | | ૯ |
| ૧૦ | | ■ | ૧૧ | ૧૨ | | ■ | |
| | ■ | ૧૩ | ■ | | ■ | ૧૪ | |
| ૧૫ | ૧૬ | | ■ | | ■ | ૧૭ | |
| ૧૮ | | | ■ | ૧૯ | | | ■ |
| ૨૦ | | ■ | ૨૧ | | ■ | ૨૨ | |

### આડી ચાવી

૧. કંપન, ધ્રુજવે તે (૩)
૪. ફળોનો માવો (૨)
૫. ઉપાચત, ... કરવી (૪)
૭. ચીટકી રહેવાનો ગુણ (૩)
૮. અંજામ, બુરૂ પરિણામ (૩)
૧૦. સગડી, ચુલો (૩)
૧૧. ઝુમખો, લુમ (૩)
૧૪. ... અનો નાશ થાય જ (૨)
૧૫. ખાંડના મોટા ગાંગડા (૩)
૧૭. પતિ પાછળ મરનાર સ્ત્રી (૨)
૧૮. જરૂરત, ... પતે એટલે વૈદ્ય વેરી (૩)
૧૯. યુધ્ધ (૩)
૨૦. ધૂળના નાના નાના કણ (૨)
૨૧. દેખાદેખી, વદાડ (૨)
૨૨. મુનિ, યોગી (૨)

### ઊભી ચાવી

૧. પહેલાંના ધાડપાડુ જે ગામ ભાંગવાનું હોય ત્યાં... મોકલતા (૪)
૩. લપાટ, લાફો (૨)
૪. એક વેલા પર થતું શાક (૩)
૫. સુંદર ઘાટવાળુ (૩)
૬. તુલસીની માળામાં ફુલ જોડોનો મોતી (૩)
૯. સલામત હોવું તે (૪)
૧૦. જીંદગીને... પણ કહેવાય (૫)
૧૨. દિલપસંદ, મનને ગમે તેવું (૫)
૧૩. જવાબદારી (૩)
૧૪. સમજણ વગરનું (૪)
૧૬. દેવું, દેણું (૩)

### શબ્દાવલી ૪૯૯૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) સિફત (૩) વાગદત્તા (૬) તર (૭) માડીજાયા (૮) મજીયારૂ (૧૦) તીસમારખા (૧૩) ચાતક (૧૪) ખાલ (૧૫) ભયભીત (૧૭) બાજ (૨૦) જખમેરૂ (૨૧) રચના

**ઊભી ચાવી :-** (૧) સિતમ (૨) ફરજિયાત (૩) વાડી (૪) ગજા (૫) દયા (૭) મારૂતિ (૯) પખાલ (૧૧) સમય (૧૨) રખાત (૧૩) ચાલબાજ (૧૫) ભચરૂ (૧૬) ભીંતર (૧૮) જખ (૧૯) ફના

# ધોલેરા પાસે આકાર લેશે સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ શહેરો

નવીદિલ્હી, તા. ૨૮

ગુજરાતના ધોલેરા ખાતે બે નવા 'સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ' શહેર વિકસાવવાની કામગીરી શરૂ કરાશે. તથા મહારાષ્ટ્રના શેન્દ્રા બિડકીન ખાતે પણ આ કામગીરી આગામી નાણાંકીય વર્ષમાં શરૂ કરાશે, જે દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર (ડીએમઆઈસી)ને સમાતંર નવાં સાત શહેરો વિકસાવવાની યોજનાનો એક ભાગ છે, એમ નાણાપ્રધાન ચિદમ્બરમે ગુરુવારે લોકસભાને જણાવ્યું છે.

વર્ષ ૨૦૧૩-૧૪નું અંદાજપત્ર લોકસભામાં રજૂ કરતાં પી. ચિદમ્બરમે જણાવ્યું હતું કે, ડીએમઆઈસી પ્રોજેક્ટની કામગીરીમાં ઝડપી પ્રગતિ નોંધાઈ છે. આ પ્રોજેક્ટને સમાંતર નવા સાત શહેરો વિકસાવવાનો નિર્ણય લેવાયો છે, જે પૈકી બે નવાં 'સ્માર્ટ' ઔદ્યોગિક શહેરો વિકસાવવાની કામગીરી ૨૦૧૩-૧૪ના નાણાંકીય વર્ષમાં શરૂ કરી દેવાશે. આ માટે જરૂર પડશે તો વધારાનું ભંડોળ પણ ફાળવવામાં આવશે. એમ તેમણે ઉમેર્યું હતું.

## ડેમોક્રેટિક પીપલ્સ...

● ત્રીજા પાનાનું ચાલુ

કામગીરીનો ચિતાર મહામંત્રી મૂળજીભાઈ દ્વારા આપવામાં આવ્યો હતો. સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન ફોર શીડ્યુલ કાસ્ટસ, સને ૨૦૧૩-૧૪ અન્વયે પ્લાનીંગ કમિશનની આદેશાત્મક સુચનાઓ મુજબ બજેટ જોગવાઈ કરવા આપેલ આવેદનપત્ર તથા સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની ગુણવત્તાનો અભાવ છે. તેથી દલિત અને દલિત જેવી અન્ય કોમોના બાળકો પાયામાંથી જ ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવામાંથી વંચિત રહી જાય છે. તે બાબતે પગલાં લેવા મુખ્યમંત્રી તથા સંબંધિત મંત્રીઓનું ધ્યાન દોરતા આવેદનપત્રો તથા મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ સ્કીમ (મનરેગા) હેઠળ દલિત આદિવાસીને તથા સ્ત્રીઓને યોજનાનો લાભ આપવામાં થઈ રહેલ ઉત્તરોત્તર ઘટાડા બાબતે જરૂરી પગલાં ભરવા સંબંધિત મંત્રીશ્રીઓ તથા મુખ્યમંત્રીના સચિવને પત્રથી વાકેફ કરવામાં આવ્યા. ઉપરાંત સેક્ટર-૨૮ ખાતેની સમર્પણ મૂક-બધિર શિશુમંદિર, ગાંધીનગર સંસ્થાની બેનમૂન પ્રવૃત્તિઓ માટે સગવડતાવાળુ મકાન અથવા મકાન માટે જમીન ફાળવવા અંગે મંત્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને પાઠવવામાં આવેલ ભલામણપત્રની સર્વેને જાણકારી આપવામાં આવી હતી. 'રેન બસેરા' બાંધવા માટે સંસ્થા તરફથી લીધેલ પગલા અને છેલ્લે સંસ્થાના પ્રમુખે ગાંધીનગર મ્યુ. કમિશનરશ્રીની મુલાકાત લીધી હતી ત્યારે, કમિશનરશ્રીઓ બે 'રેન-બસેરા' માટે સરકારને દરખાસ્ત કરી છે, તેવી માહિતી આપવામાં આવી હતી તે બાબતે સર્વેને જાણકારી આપી.

પી.જે. રાઠોડ દ્વારા કરવામાં આવેલ સભાની સગવડ તથા સરભરા બદલ, સંસ્થાવતી કારોબારી સભ્ય ખુશાલભાઈ એ. પરમાર દ્વારા આભાર માનવામાં આવ્યો

**ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન**
ઘ-૪ પાસે, સેક્ટર-૧૨, ગાંધીનગર - ૩૮૨૦૧૬
ફોન : ૦૭૯-૨૩૨૨૩૪૪૯, ૨૩૨૨૫૧૧૮ ફેક્સ : ૨૩૨૨૧૫૯૮

**વાહન વેચાણથી આપવાના છે**

સંસ્થાની તાબા હેઠળની બિનઉપયોગી મોબાઈલવાન (૧) GJ-18 T-1072 વર્ષ : ૨૦૦૦ (૨) GJ-18 T-1074 વર્ષ ૨૦૦૦ અને (૩) GJ-18 T-9098 વર્ષ : ૨૦૦૧, જ્યાં છે અને જેમ છે તે સ્થિતિમાં ઉપરના સરનામે ટેન્ડર પદ્ધતિથી વેચાણે કરવાના છે. રસ ધરાવતા બિડરો/પક્ષકારોને વાહનનું નિરીક્ષણ સંસ્થા ખાતે કચેરી કામકાજના સમય ૧૧ થી ૪ કલાક દરમિયાન તા. ૧/૩/૨૦૧૩ થી તા. ૧૧/૩/૨૦૧૩ સુધીમાં જોઈ શકાશે તથા ટેન્ડર મેળવી શકાશે. ટેન્ડર પરત કરવાની છેલ્લી તા. ૧૪/૩/૨૦૧૩ ૧૭.૦૦ કલાક સુધી રહેશે. સંસ્થામાં રૂબરૂમાં પ્રતિ ટેન્ડર દીઠ રૂ. ૧૦૦૦/- રોકડા (નોન રીફંડેબલ) જમા કરાવેથી કોરા ટેન્ડર મેળવી શકાશે.

માહિતી/૨૩૩૬/૧૨-૧૩ નિયામક

**ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ**
વર્તુળ કચેરી, સાબરમતી અમદાવાદ - ૩૮૦૦૦૫. ફોન : ૨૭૫૦૦૯૮૧

**જાહેર વિજ્ઞપ્તિ**

**ડાર્કઝોન વિસ્તારમાં તા. ૧૭/૯/૨૦૧૨ થી તા. ૧૬/૧૦/૨૦૧૨ સુધી ''ક'' વિભાગમાં નોંધાયેલ કૃષિ વિષયક જોડાણની અરજીઓનો અગ્રતાક્રમ નક્કી કરવા બાબતે.**

રાજ્યના અગાઉના ડાર્કઝોન વિસ્તારમાં નવીન કૃષિ વિષયક વીજજોડાણ માટેની અરજીઓ તા. ૧૭/૯/૨૦૧૨ થી તા. ૧૬/૧૦/૨૦૧૨ સુધી જે તે વિસ્તારની વીજ કંપનીની સંલગ્ન પેટાવિભાગીય કચેરીઓ ખાતે નોંધણી કરવામાં આવેલ હતી. સદર વીજજોડાણની અરજી સાથે ફરજીયાતપણે ટપક/ફુવારા પદ્ધતિનો અમલ કરવા માટેનું સંમતિ પત્રક પણ લેવામાં આવેલ છે.

નોંધાયેલ અરજીઓ પૈકી જે અરજદારે ઉપરોક્ત સમયગાળામાં અરજીની નોંધણી કરાવેલ હોય તેમજ માંગણીવાળા સર્વે નંબરમાં બોર / કુવો હયાત હોય તેવા (''ક'' વિભાગના) અરજદારોનો અગ્રતાક્રમ નક્કી કરવા માટે સક્ષમ અધિકારી તેમજ લોક પ્રતિનિધિની હાજરીમાં નીચે દર્શાવેલ સમય અને તારીખે ડ્રો યોજવામાં આવશે. ''ક'' વિભાગના નોંધાયેલ અરજદારો ડ્રોની તારીખ અને સમયે ઉપસ્થિત રહી શકશે તેમજ સંલગ્ન પેટાવિભાગીય કચેરીના નોટીસ બોર્ડ ઉપર દર્શાવેલ લીસ્ટમાં પોતાનો નંબર મેળવી શકશે. આ અંગે વધુ વિગતોની જાણકારી માટે સંલગ્ન પેટાવિભાગીય કચેરીનો સંપર્ક કરવા વિનંતી છે. અરજદાર પોતાનો ક્રમ નંબર www.guvcl.com વેબસાઈટ ઉપરથી પણ જાણી શકાશે.

| અ.નં. | ડ્રોની તારીખ | વાર | સમય | પેટાવિભાગીય કચેરી / ડ્રોનું સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ૪/૩/૨૦૧૩ | સોમવાર | સવારે ૧૦.૩૦ કલાકે<br>સવારે ૧૧.૦૦ કલાકે<br>બપોરે ૧૨.૦૦ કલાકે<br>બપોરે ૩.૦૦ કલાકે | કલોલ-૧ / કલોલ વિભાગીય કચેરી<br>કલોલ-૨ / કલોલ વિભાગીય કચેરી<br>સાંતેજ / કલોલ વિભાગીય કચેરી<br>નારદીપુર / નારદીપુર સબ ડિવીઝન |
| ૨. | ૫/૩/૨૦૧૩ | મંગળવાર | સવારે ૧૦.૩૦ કલાકે<br>બપોરે ૧૨.૦૦ કલાકે<br>સાંજે ૩.૦૦ કલાકે | અડાલજ / અડાલજ સબ ડિવીઝન<br>ચાંદખેડા / અડાલજ સબ ડિવીઝન<br>ગાંધીનગર / ગાંધીનગર સબ ડિવીઝન |
| ૩. | ૭/૩/૨૦૧૩ | શુક્રવાર | સવારે ૧૦.૩૦ કલાકે<br>બપોરે ૧૨.૩૦ કલાકે<br>બપોરે ૪.૦૦ કલાકે | બારેજા / જેતલપુર સબ ડિવીઝન<br>બારેજડી / બારેજડી સબ ડિવીઝન<br>કુજાડ / કણભા સબ ડિવીઝન |
| ૪. | ૧૩/૩/૨૦૧૩ | બુધવાર | સવારે ૧૦.૩૦ કલાકે<br>બપોરે ૨.૩૦ કલાકે | કોઠ / કોઠ સબ ડિવીઝન<br>બોપલ / બોપલ સબ ડિવીઝન |

સાંતેજ સબ ડીવીઝનના અરજદારોને નિર્ધારીત સમયે સાંતેજથી કલોલ ડીવીઝનમાં ડ્રોના સ્થળે આવવા માટે સવલત રાખેલ છે. ઉપરોક્ત દર્શાવેલ તારીખ અને સમયે ડ્રો પૂર્ણ થઈ ગયા બાદ ''ક'' વિભાગના અરજદારોએ સંલગ્ન પેટાવિભાગીય કચેરીના નોટીસ બોર્ડ ઉપરથી નવીન નંબર મેળવી લેવા વિનંતી છે.

(શ્રીમતી સી. આર. દેસાઈ)
વિશેષ મુખ્ય ઈજનેર
ઉ.ગુ.વી.કં.લી. સાબરમતી